Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી

# આત્માનંદ પ્રકાશ

"વીશમી સદીના અજોડ શાંસન પ્રભાવક, પંજાબ દેશોદ્ધારક, અને જેની છાયામાં આ ભારતભૂમિ હમેંશાં જ્ઞાનના વિલાસો કરી રહી છે, તેવા વિજયવંત ન્યાયાંભોનિધિ પ. પૂ. આ. શ્રી વિજયાનંદસૂરીશ્વરજી ( પ. પૂ. આત્મારામજી મહારાજ ) મહારાજને નમસ્કાર છે."

*


પુસ્તક : ૮૭
અંક : ૮

જેઠ
જૂન
૧૯૯૦

આત્મ સંવત ૯૪
વીર સંવત ૨૫૧૫
વિક્રમ સંવત ૨૦૪૬


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | શ્રી સિદ્ધાચળનાં સ્તવનો | — | ૧૦૯ |
| (૨) | જીવનનું અમૃતઃ આલોચના | મૂળ લેખક પ. પૂ. આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબ<br>અનુવાદક ; ડૉ કુમારપાળ દેસાઈ | ૧૧૦ |
| (૩) | ધન્ય તને પુણિયા | લે. કલાપીબેન નવીનચન્દ્ર મહેતા | ૧૧૬ |
| (૪) | હેતુલક્ષી પ્રશ્નો અને ઉત્તરો QUIZ<br>જૈન તત્ત્વજ્ઞાન ઉપર પ્રશ્નોતરી<br>તથા સુવાકયો | શ્રીમતી મધુલતા નવીનભાઇ શાહ | ૧૧૮ |
| (૫) | સમાચાર | — | ૧૨૧ |


## આ સભાના નવા આજીવન સભ્ય

## (૧) શ્રીમતી જીજ્ઞાબેન નવીનચન્દ્ર શાહ–ભાવનગર

## વાર્ષિક ઉત્સવ

શ્રી જૈન આત્માનંદ સભાનો ૯૪મો વાર્ષિક ઉત્સવ શ્રી તાલધ્વજગિરિ ઉપર સંવત ૨૦૪૬ના જેઠ સુદ ૩ને તા. ૨૭–૫–૯૦ના રોજ ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે સવારમાં શ્રી તાલધ્વજ- ગિરિ ઉપર રાગરાગણીપૂર્વક પૂજા ભણાવવામાં આવી હતી. સભ્યોની સંખ્યા સારી હતી.

આ સભાના આવેલ સભ્યોની સવારે–સાંજે સ્વામીભક્તિ કરવામાં આવી હતી.

## આવતો અંક

'આત્માનંદ પ્રકાશ'નો આવતો અંક તા. ૧૬–૮–૯૦ના રોજ બે માસનો સંયુક્ત અંક તરીકે બહાર પડશે.

મનુષ્યગતિ સંપત્તિ પાછળની આંધળી દોટ માટે નથી, મનુષ્યગતિ ઇન્દ્રિયોના વિષયોનું આકર્ષણ માટે નથી, મનુષ્યગતિ નિષ્ફળતા મળતા સેવાઈ જતા કષાયો માટે નથી, મનુષ્યગતિ વ્યક્તિઓ સાથેની દુશ્મનાવટ માટે નથી, પણ મનુષ્યગતિ પાપોથી મુક્ત થવા માટે તેમજ સઘળાય કર્મોના નાશ માટે જ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્ તંત્રી : શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ એમ. એ., બી. કોમ, એલ. એલ બી.

માનદ્ સહતંત્રી : કુ. પ્રફુલ્લા રસિકલાલ વોરા એમ.એ.; એમ.એડ.


## શ્રી સિદ્ધાચળનાં સ્તવનો

તે દિન ક્યારે આવશે, શ્રી સિદ્ધાચળ જાશું,
ઋષભ જિણંદ જુહારવા, સૂરજકુંડમાં ન્હાશું, તે દિન. ૧

સમવસરણમાં બેસીને, જિનવરની વાણી,
સાંભળશું સાચે મને, પરમારથ જાણી, તે દિન. ૨

સમકિત વ્રત સુધાં ધરી, સદ્ગુરુને વંદી,
પાપ સર્વ આલોઇને, નિજ આતમ નિંદી. તે દિન ૩

પડિક્કમણાં દોય ટંકના, કરશું મન કોડે,
વિષય કષાય વિસારીને, તપ કરશું હોડે, તે દિન. ૪

વ્હાલા ને વૈરી વચ્ચે, નવિ કરવો વેરો,
પરના અવગુણ દેખીને, નવિ કરવો ચેરો, તે દિન. ૫

ધર્મસ્થાનક ધન વાવરી, છકાયને હેતે.
પંચ મહાવ્રત લેઇને, પાળશું મન પ્રીતે, તે દિન ૬

કાયાની માયા મેલીને, પરિસહને સહેશું,
સુખદુઃખ સઘળાં વિસારીને, સમભાવે રહેશું, તે દિન. ૭

અરિહંત દેવને ઓળખી, ગુણ તેહના ગાશું,
ઉદયરતન એમ ઉચ્ચરે, ત્યારે નિરમળ થાશું. તે દિન ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 卐 જીવનનું અમૃત : આલોચના 卐

: મૂળ લેખક :
પ. પૂ. આ. શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ. સા.

: અનુવાદક :
ડૉ. કુમારપાળ દેસાઇ

( ગતાંકથી ચાલુ )

## લક્ષ્મણા સાધ્વીની કથા

આ અંગે જૈન ઇતિહાસની એક જાણીતી કથા જોઈએ, આજથી ચોવીસીઓ ( ૮૦ કાળ ચક્ર ) પહેલાંની આ વાત છે. લક્ષ્મણા નામની એક ઉત્કૃષ્ઠ સંયમ પાલન કરનારી સાધ્વી થઇ ગઈ તે સાધ્વી વર્ગમાં ખુબ જાણીતી હતી, માનવી ગમે તેટલી ઉત્કટ સાધના કરે, પણ તેની સાથે શુદ્ધિની જાગૃતિ રાખવી જોઇએ. આમ ન થાય તો સાધનાનું અભિમાન વધી જાય છે. પ્રસિદ્ધિ પ્રાપ્ત થાય છે, પણ તેમાં ભૂલ તો જેમની તેમ જ રહી જાય છે. અને તે વિશે આલોચના વગેરે દ્વારા પ્રાયશ્ચિત કરીને શુદ્ધ થવામાં ન આવે તો જન્મો જન્મ સુધી ભૂલોની પરંપરા વધતી જાય છે. આવું જ લક્ષ્મણા સાધ્વીના જીવનમાં બન્યું.

એકવાર જે ઉપાશ્રયમાં તેઓ ચાતુર્માસ વ્યતીત કરતાં હતાં તેની બહાર ધ્યાનસ્થ થઇને સૂર્યનો તાપ લઇ રહ્યા હતા. અચાનક એમની દૃષ્ટિ કામક્રીડા કરતાં ચકલીના યુગલ પર પડી જો સાધ્વીએ તરત પોતાની નજર હટાવી લીધી હોત અને એને સારી જગ્યાએ સ્થિર કરી હોત તો સારું થાત પણ એણે એમ ન કરતાં વધારે ઉત્સુકતાથી જોવાનું શરૂ કર્યું. મનોમન મલિન વિચાર કરવાથી કામ વિકારોનો ઉદ્ભવ થવા લાગ્યો, મન તો આસાનીથી આકાશ–પાતળ સુધી દોડ લગાવે છે. લક્ષ્મણા સાધ્વી મનમાં ને મનમાં વિચારવા લાગી, "જિનેશ્વર ભગવાન સ્વયં તો અવેદી ( વાસનાની વેદનાથી રહિત ) છે. તેઓ કામવિકારોથી જાગતી વાસનાથી રહિત હોવાથી સવેદી ( કામ વાસનાથી યુક્ત ) વ્યક્તિની મનો-વ્યથાને કેવી રીતે જાણે ? કામ વાસનાથી પીડિત વ્યકિતને કેટલું કષ્ટ થાય છે તેની તેઓને કયાંથી જાણ હોય ? એટલા માટે જ તેમણે ચરિત્ર પાલનમાં બ્રહ્મચર્યને સૌથી વધારે મહત્વ આપ્યું હશે"

થોડીવારમાં લક્ષ્મણા સાધ્વીની વિચારધારાએ નવો વળાંક લીધો. એમણે વિચાર્યું, "ઓહ ! હું કેટલા બધા ખરાબ વિચારોમાં પડી ગઈ. મેં કવો અધમ વિચાર કર્યો શું વિતરાગ પ્રભુને જ્ઞાન ન હતું ! તેઓ તો સર્વજ્ઞ-સર્વદર્શી હતા ભલા એમનાથી કોઇનાય મનોભાવ છુપા-યેલા રહે ખરા ? તો પછી કામવાસના પીડિતના મનોભાવ શું તે નહીં જાણતા હોય ? જરૂર જાણતા હશે. તેમનાથી કોઈ વાત અજ્ઞાત ન હતી, પણ હું આ મોહનીયકર્મના ઉદયથી અધમાધમ વિચારોના ચક્કરમાં પડી ગઈ, ધિક્કાર છે મને !"

આમ પશ્ચાત્તાપ કરતી લક્ષ્માણા સાધ્વીએ વિચાર્યું, પ્રભુએ કામથી બચવા માટે મનમાં તેનું ચિંતન કરવાની પણ ના પાડી છે, અબ્રહ્મચર્ય-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સેવનનો નિષેધ કર્યો છે તે યોગ્ય જ છે. હવે તો હું મારા આ કુવિચારનો મોટો અપરાધ મારા ગુરુણીજીની સમક્ષ જઈને યથાર્થરૂપમાં પ્રગટ કરીને આલોચના કરીને પ્રાયશ્ચિત લઈને શુદ્ધ અને દોષમુક્ત થઈ જાઉં તો જ મારા મન ઉપર ચડેલો પાપનો બોજ હળવો થઇ શકશે. "

બીજી જ ક્ષણે એમણે વિચાર્યું કે આ રીતે જો સ્પષ્ટ અને યથાર્થરૂપે ગુરુણીજીની સામે હું મારા કલુષિત વિચારોને પ્રગટ કરી દઈશ તો તેઓ મનમાં શું સમજશે ? વિચારશે કે ઉચ્ચ-કુળની ઉમદા રાજકુટુંબની છોકરી થઈને મનમાં કેવા ખોટા વિચાર કરે છે ! હું તેમની દૃષ્ટિમાં હલકી પડી જઇશ. બધાંની સામે હું અપમાનિત થઇ જઇશ. આથી આલોચના કરવી મારાથી શક્ય બનશે નહીં.

## અપરાધીનું કલ્યાણ

સાચે જ આજે સમાજમાં પણ આજ મનો-દશાને કારણે અપરાધી વ્યક્તિ ખુલ્લાં દિલથી પોતાના અપરાધોને સ્પષ્ટ રૂપે પ્રગટ કરવાની હિંમત કરી શકતો નથી, કારણ કે જે આ રીતે પોતાના દોષ જાહેરમાં પ્રગટ કરનારને લોકો હીન દૃષ્ટિએ જુએ છે. તેની નિંદા અને બેઇજ્જતી કરવા લાગે છે. તેને એક માનસિક રોગી સમજીને તેની સાથે એક ચિકિત્સક જેવી હમદર્દી રાખવી જોઈએ એણે અપરાધનો એકરાર કર્યા પછી અને પ્રાયશ્ચિત લીધા પછી સમાજમાં તેના તરફ કોઈ આંગળી ચીંધે નહીં અને તે બાબતમાં ઉહાપોહ ન કરે, અથવા ખોતરી ખોતરીને પાછલી વાતોની ચર્ચા ન કરે તો સમાજમાં આજે પ્રચલિત અનિષ્ટોમાંથી નેવું ટકા અનિષ્ટ દૂર થઇ શકે. સત્ય કહેવાની હિંમત થઈ શકે. ખચકાટ મટી શકે.

ડૉક્ટરની સાથે જેમ રોગી મોકળે મને રોગ વિશે કહે છે, ત્યારે ડૉક્ટર તેને વઢતો કે મારતો નથી, ઠપકો પણ આપતો નથી બલ્કે આશ્વાસન આપીને ચિકિત્સા કરીને તેને સ્વસ્થ કરે છે એજ રીતે સાધુવર્ગ અથવા ગૃહસ્થવર્ગમાં આચાર્ય અથવા મુખ્ય વ્યક્તિ આવા અપરાધ રૂપી રોગથી ગ્રસ્ત વ્યક્તિની વાત સાંભળીને તેને આશ્વાસન આપે અને પ્રાયશ્ચિત કરીને શુદ્ધ થવાની પ્રેરણા કરે તો શુદ્ધિનું વાતાવરણ સાહજિકતાથી રચી શકાય આજ કારણ છે કે શાસ્ત્રોમાં જ્યાં આલોચના કરીને શુદ્ધ થવાનું કહ્યું છે ત્યાં આલોચના પણ કેવા પ્રકારની યોગ્યતા ધરાવતી વ્યક્તિ સામે કરવામાં આવે તેનાં લક્ષણ બતાવ્યા છે.

"गीअत्थो कडजोगी चारित्ति तह य
गाहणाकुसलो ।
खेअन्नो अविसाई भणिओ आलोयणारिहा ॥"

" આલોચના સાંભળીને પ્રાયશ્ચિત આપવાની અધિકારી વ્યક્તિ (સાધુઓમાં)

(૧) ગીતાર્થ – ધર્મસિદ્ધાન્તોનો અનુભવયુક્ત જ્ઞાતા હોય

(૨) મન–વચન–કાયા પર કાબુ હોય.

(૩) દોષ રહિત ચરિત્રનું પાલન કરનાર હોય.

(૪) આલોચના કરવાવાળી વ્યક્તિને તપ વગેરે રૂપમાં પ્રાયશ્ચિત સ્વીકારવા અનેક યુક્તિઓ પ્રોત્સાહિત કરવામાં નિપુણ હોય.

(૫) આલોચના કરનારી વ્યક્તિના દોષો સાંભળીને ખિન્ન ન થઇ જાય, ગભરાઈ કે અકળાઈ ન જાય પરંતુ અનેક પ્રકારના ઉત્તમ દૃષ્ટાન્ત સંભળાવીને શુદ્ધ ચરિત્ર પાળવામાં પ્રોત્સાહિત કરનાર હોય.

(૬) સમ્યક્ પ્રકારની આલોચના કરવામાં અને પ્રાયશ્ચિત આપવામાં થતાં ખેદકષ્ટથી પૂર્ણ અનુભવી હોય. આલોચના કરવામાં યોગ્ય સાધુના વિશે જેમ આ વાત કહેવાઇ છે, તેવું જ ઉત્તમ સદાચારી ગૃહસ્થના વિષયમાં પણ સમજવું.

હા, તો હું કહી રહ્યો હતો કે લક્ષ્મણા સાધ્વી પણ આશંકા–કુશંકામાં ડૂબકી ખાતી ઊંડી ઉતરી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગઇ. એમને વળી પાછો વિચાર આવ્યો 'આલોચના કર્યા વિના તો શુદ્ધિ નહિં થઇ શકે અને આ માનસિક પાપનો બોજો મારા ચિત્ત પર છવાયેલો જ રહેશે. મારા હ્રદયને આ પાપ ખટકતું રહેશે. તેથી જાઉં તો ખરી. ગુરુણીનું વલણ જોયા પછી આલોચના કરી લઇશ.''

વિચારોની ભૂલભૂલામણીમાં અટવાયેલી લક્ષ્મણા સાધ્વીએ ગુરુજીની પાસે આલોચના કરવા માટે જેવું એક પગલું ભર્યું કે તેના પગમાં કાંટો વાગી ગયો. તેઓ ત્યાં જ અટકી ગયા. મનમાં વિચાર્યું "હવે તો આલોચના માટે નહીં જાઉં. કેમકે પહેલા પગલે જ વિઘ્ન આવ્યું. એણે મને જતાં અટકાવી દીધી." આમ છતાં સાધ્વીનુ હ્રદય અત્યંત સરળ હતું. એમણે વિચાર્યું "ગુરુણીને પહેલાં સામાન્ય રીતે જ વાત કરીશ પછી એમનું વલણ જોઈને આલોચના કરીશ નહીં તો નહીં કરુ''

તેમને વિનયપુર્વક પુછયું "ગુરુણીજી જો કોઇ સાધ્વીને કામસેવનનો આવો વિચાર આવે તો તેણે શું પ્રાયશ્ચિત કરવાનું હોય ?''

તેમણે એ ન કહ્યું કે મને આવા ખોટા વિચાર આવ્યા હતા ! એટલું છુપાવી રાખ્યું ! પરંતુ મનોભાવોને ઓળખવામાં ચતુર ગુરુણીજીએ કહ્યું, "જેના મનમાં આવિ દુર્ભાવના આવી હોય તે જ આલોચના કરવાની અને પ્રાયશ્ચિત ગ્રહણ કરવાની અધિકારીણી છે. તેના બદલે બીજી સાધ્વી આલોચના કરીને પ્રાયશ્ચિત કરી શકે નહીં જો તારાં મનમાં આવા કુવિચાર આવ્યા હોય તો તું આલોચના કરીને પ્રાયશ્ચિત કરી શકે છે.''

## વિષરૂપ કપટ અને દંભ

આલોચના જીવનનું અમૃત છે. સાધક ગુરુ કે વડીલની સમક્ષ પોતાની ભૂલોની આલોચના કરીને દોષના બોજામાંથી હળવો થઇ શકે છે. જેમ દુઃખી વ્યકિત હમદર્દની સામે પોતાના હ્રદયના દુઃખને વ્યકત કરીને એક પ્રકારની હળવાશ અનુભવે છે તે રીતે અપરાધોથી ભારે થયેલો આત્મા સહ્રદય ગુરુ કે વડીલોની સામે હ્રદય ખોલીને આલોચના કરે છે તો અપરાધના ભારથી ભારે બનેલા તેના હ્રદયને હળવાશનો અનુભવ થાય છે આ સાથે જ પ્રાયશ્ચિત દ્વારા પોતાના આત્માની શુદ્ધિ પણ થાય છે.

આગમમાં કહ્યું છે કે જે સાધક નિષ્કપટ અને સ્વચ્છ દર્પણ જેવા હ્રદયથી આલોચના કરે છે તેણે અલ્પ પ્રાયશ્ચિત કરવું પડે છે. પરંતુ જો મનમાં કૂડ-કપટ રાખીને આલોચના કરે છે, તેને બમણું પ્રાયશ્ચિત કરવું પડે છે બે સાધકોનો અપરાધ એક સરખો હોય બંને આલોચના પણ કરતા હોય પણ જેનામાં સરળતા છે, તેનો ઓછાં પ્રાયશ્ચિતથી છુટકારો થાય છે. જયારે બીજો સાધક દંભી ને કપટી છે. એટલે તેણે બમણું પ્રાયશ્ચિત કરવું પડે છે.

કપટ અને દંભ એ એવું વિષ છે જે આલોચનાના અમૃતને પણ ઝેરયુકત બનાવે છે. કોઇ રોગી જો ચિકિત્સક સમક્ષ જુઠું બોલે તેની આગળ રોગનું સાચું વર્ણન કરે નહીં અને ચિકિત્સકે પુછેલા પ્રશ્નોના જવાબ આપે નહીં તો તેનાથી ચિકિત્સકને કોઇ હાની થતી નથી, બલ્કે તેને તો આર્થિક લાભ છે, કારણ કે રોગીનો રોગ તો વધતો જશે. જો કે કોઇપણ હમદર્દ અને પ્રમાણિક ચિકિત્સકને આવું કરવું પસંદ નહીં પડે પણ રોગીની છળવૃત્તિ જ એના રોગને વધારશે, ચિકિત્સકની ફી અને દવાનો ખર્ચ પણ વધશે.

વકીલને છેતરીને કોઈ અસીલ મુકદમામાં સફળતા પ્રાપ્ત કરી શકતો નથી અને અધ્યાપકને છેતરીને કોઈ વિદ્યાર્થી આગળ વધી શકતો નથી. દાયણથી પેટ સંતાડીને શું કોઇ ગર્ભવતી સ્ત્રી સુખ મેળવી શકે ?

વ્યવહારિક જીવનમાં છલ-કપટ અને દંભ ખુબ મુશ્કેલીઓ સર્જે છે, ત્યારે આધ્યાત્મિક જીવનમાં તો એ વધુ મુશ્કેલી કેમ ન ઉભી કરી શકે ? જૈન ધર્મમાં સાધનાના ક્ષેત્રમાં માયાને કોઈ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્થાન નથી. સાધુ હોય કે ગૃહસ્થ, પણ બંનેના જીવનમાં, સાધનામાં અને આત્મવિકાસમાં માયા અવરોધ લાવે છે. માયાવી માણસને અહીં મિથ્યાદૃષ્ટિ કહ્યો છે. વક્રતા, દંભ અને છલનાને કારણે તે સચ્ચાઈ (સમ્યક્ત્વ) પામી શકતો નથી આ સાધનાનું પ્રથમ સોપાન છે. ભગવાન મહાવીરે 'સૂત્ર કૃતાંગસૂત્ર' માં સ્પષ્ટ કહ્યું છે.

" जइ विय नगिणे किसे चरे, जइ विय भुंजिय मासमंतसो ।
जे इह मायाई मिज्जइ आगता गब्भायणंतस्ते

"સાધનાના ક્ષેત્રમાં જે પ્રગતિશીલ સાધક તમામ વસ્તુ પરિત્યાગ કરીને નગ્ન રહે છે, વર્ષો સુધી તપશ્ચર્યા કરીને શરીરના લોહી-માંસ સૂકવી નાખે છે. મહીનાઓ સુધી નિરાહાર રહીને શરીરને કૃશ કરે છે, આટલી બધી સાધના પછી પણ જેણે માયાની ગાંઠ નથી છોડી તેને તો અનંતવાર ગર્ભમાં આવવું પડશે, ને જન્મ-મરણના ફેરા કરવા પડશે."

## સ્વચ્છ દર્પણ સમું હૃદય

દંભવૃત્તિ સાધુ જીવનમાં જ નહીં પણ સામાજિક જીવનમાં ય અશાંતિ પેદા કરે છે. એક વિચારકે કપટી માનવીને કબરની ઉપમા આપી છે. કબર ઉપરથી ઢાંકેલી રહે છે. જોનારને એ પવિત્રભૂમિ લાગે છે. પરંતુ તેને થોડી ખોદીને જોઇશું તો તેની ભીતરમાં ગળી ગયેલાં સડી ગયેલાં હાડકાં અને દુર્ગંધ મારતી માટી જ મળશે. એ રીતે કપટીના હૃદયની ભીતરમાં મલિન, દગાખોર દુર્ભાવનાની માટી અને વક્રતાનાં હાડકાં જ મળશે.

એ સાચું છે કે હૃદયની પવિત્રતા, સરળતા, અને નિષ્કપટતા વિના સઘળી સાધના નિષ્પ્રાણ છે. આવી કૂટ, કપટ યુક્ત આલોચનાનું અમૃત પણ તે સાધનાને સજીવ અને સફળ બનાવી શકતું નથી.

સાધનાના ક્ષેત્રમાં આટલી આગળ વધેલી લક્ષ્મણા સાધ્વીએ થોડી અપ્રતિષ્ઠાથી બચવા માટે ગુરુણીજી સાથે કપટ કરીને આટલાં વર્ષોની સાધનાને ધૂળમાં મેળવી દીધી. એ સ્પષ્ટતાથી અને સરળ હૃદયથી ગુરુણીજીની પાસે સાચી આલોચના કરી શકી નહીં એના મને તો નિર્ણય કરી લીધો કે તપથી મોટાં મોટાં પાપ નષ્ટ થઇ જાય છે. ત્યાં આ તો મારો માત્ર નાનકડો અને તેય માનસિક અપરાધ છે, તેને દૂર થતાં કેટલી વાર લાગવાની ?

તેણે એ ન વિચાર્યું કે પવિત્ર સાધનામાં કપટનું વિષ ભળી જવાથી તે અનંતકાળ સુધી સંસારમાં જન્મ-મરણના ચક્રમાં અથડાશે તેથી ગુરુણીજીએ એ અપરાધનું જે પ્રાયશ્ચિત દર્શાવ્યું હતું, તેના કરતાં તો એણે અનેકગણી તપશ્ચર્યા કરી હતી. તેમ છતાં નિઃશલ્ય ન હોવાથી તે શુદ્ધ થઇ શકી નહીં, અને ૮૪ ચોવીસીના કાળ પછી ૮૪ મી ચોવીસીમાં શ્રેણિક રાજાનો જીવ જ્યારે પદ્મનાભ નામક પ્રથમ તીર્થંકર થશે, ત્યારે લક્ષ્મણા સાધ્વીજીનો જીવ મુક્તિ પ્રાપ્ત કરશે. આનો અર્થ એટલો જ કે લક્ષ્મણા સાધ્વીજીએ કપટપૂર્વક આલોચના કરી, જેના દુષ્પરિણામ રૂપે તેને ૮૪ ચોવીસી સુધી ભવભ્રમણ કરવું પડ્યું.

સાર એ જ કે જેમ નિર્દોષ બાળક પોતાના માતાપિતાની સામે જે વાત જેવી હોય તે રૂપે નિઃસંકોચ કહી દે છે; તેજ રીતે સાધકે પણ નિર્દોષ અને સરળ બનીને ગુરુ કે મુખ્ય વ્યક્તિની સામે કશાય ખચકાટ વિના જે બન્યું' હોય તે યથાતથ કહીને આલોચના કરવી જોઈએ. આલોચના કરતી વખતે તેને ગુરુ કે મોટી વ્યક્તિથી ગભરાઈને ભાવો કે આશયોને વ્યક્ત કરવામાં જરાપણ ફેરફાર કરવો જોઇએ નહીં.

## ગુરુનો અકથનીય ગુણ

ગુરુ પાસે જઈને શિષ્યએ કઇ રીતે આલોચના કરવી જોઇએ? તેની વિધિ છેદસૂત્રોમાં વિસ્તારથી વર્ણવવામાં આવી છે. આલોચના સાંભળનાર ગુરુનું કર્તવ્ય પણ બતાવ્યું છે કે અપરાધી શિષ્ય પોતાના અપરાધને જે કોઇ રૂપે ગુરુની સમક્ષ પ્રગટ કરે,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગુરુએ તે વાત અન્ય કોઈની આગળ પ્રગટ કરવી નહિ જો ગુરુ એમ કરે તો બધા જ અપરાધ ગુરુને માથે આવી જાય છે. તેનાથી સર્જાનારા અનર્થના ગુરુ સહભાગી બને છે, કારણ કે શિષ્યે તો ગુરુને માતા-પિતા સમજીને પોતાનો બધો જ અપરાધ દિલ ખોલીને રજૂ કરી દીધો. હવે જો ગુરુ એ વાત બીજાને કહે છે તો તે શિષ્યને બદનામ કરે છે અને એ વાત અનેક વ્યક્તિ સુધી પહોંચી જવાને કારણે બે આબરૂ થવાના ડરથી એ લોચના કરનાર શિષ્ય કેટલીકવાર આત્મહત્યા પણ કરી બેસે છે. તેનાથી ધર્મની નિંદા અને અવહેલના થાય છે. અને લોકોની શ્રદ્ધા ઘટી જાય છે. આથી ગુરુ એટલો ગંભીર હોવો જોઈએ કે તે શિષ્ય દ્વારા થયેલી આલોચનાને મનમાં ગુપ્ત રાખી શકે આથી આચાર્યના ગુણોમાં એક 'અકથનીય' ગુણ પણ દર્શાવ્યો છે. આનો અર્થ છે, 'કોઈના દ્વારા પોતાના અપરાધની કરાયેલી આલોચનાની વાત ન કહેનાર."

## નિષ્કપટ આલોચના

ગુજરાતના ઇતિહાસમાં કુમારપાળ નામનો પ્રસિદ્ધ રાજવી થઈ ગયો. તે પરમશૈવ હોવા છતાં કલિકાલસર્વજ્ઞ આચાર્ય હેમચંદ્રસૂરિના ઉપદેશથી જૈનધર્મના આચાર-વિચારો પ્રત્યે શ્રદ્ધાવાન અને અનુરાગી થયો. ભગવાન મહાવીરના યુગમાં જે કામ રાજા શ્રેણિક કરી શકયો નહીં તે આચાર્ય હેમચંદ્રની ઉપસ્થિતિમાં કુમારપાળ રાજાએ કરી બતાવ્યું. તેણે પોતાના રાજ્યના અઢાર પ્રદેશોમાં સર્વત્ર 'અમારિપટહ'ની ઘોષણા કરાવીને જીવ-હત્યા બંધ કરાવી દીધી. અહિંસાનો આટલો ભવ્ય પ્રચાર કુમારપાળ રાજા આચાર્યશ્રીની પ્રેરણાથી જ કરી શકયા. આવો અહિંસાના મહાન ઉપાસક કુમારપાળ રાજા પૂર્ણપણે શાકાહારી બની ગયા હતા.

એક દિવસ ભોજન કરતી વખતે તે ઘેવર ખાઈ રહ્યો હતો. ઘેવરને દાંતથી તોડતી વખતે તેના મનમાં આ વિચાર આવ્યો, "માંસાહારનો ત્યાગ કર્યા પહેલાં જ્યારે હું માંસ ખાતો હતો ત્યારે આવું કરકરું માંસ ખાતો હતો.

આવા કુવિચાર પછી તરત જ બીજી ક્ષણે તેના મનમાં સુવિચારનું કિરણ ચમકયું. એણે વિચાર્યું, "જે વસ્તુથી કુત્સિતભાવ જાગે તેનો ત્યાગ કરવો જ ઉચિત છે. હું એ ખાઇશ નહીં તો ખરાબ ભાવ પણ પેદા નહીં થાય. આથી આજથી ઘેવર ખાવાનું સંપૂર્ણ રીતે છોડી દઉં છું." પછી શું? કુમારપાળ રાજાએ એ જ સમયે ઘેવર ખાવાનું સદાને માટે છોડી દીધું.

આમ છતાં સરળ હૃદયના કુમારપાળના મનમાં હજી પણ આ કુવિચાર કાંટાની જેમ ખૂંચતો હતો. તેને દૂર કરવા માટે ગુરુની પાસે જઈને આલોચના લઈને તથા તેઓ જે પ્રાયશ્ચિત આપે તેને સ્વીકારીને શુદ્ધ અને નિઃશલ્ય થઈ જવાનો નિશ્ચય કર્યો. કલિકાલ સર્વજ્ઞ આચાર્ય હેમચંદ્રની પાસે જઈને રાજા કુમારપાળે પોતાના અપરાધનું આદિથી ઇતિ સુધી વર્ણન કર્યું અને તેમને પ્રાયશ્ચિત આપવા કહ્યું.

આચાર્યએ કહ્યું "આનું પ્રાયશ્ચિત ઘણું મોટું છે" "ગુરુદેવ! આપ જે પણ પ્રાયશ્ચિત આપશો તે લેવા માટે હું તૈયાર છું." રાજા કુમારપાળે કહ્યું.

આચાર્યએ કહ્યું 'જો તમે તૈયાર છો તો સાંભળો જે દાંતથી તમે આ ઘેવર ખાધું છે. એને પથ્થરથી તોડી નાખો.'

અનન્ય શ્રદ્ધાવાન કુમારપાળ રાજાએ કશું ય વિચાર્યા વિના તરત જ પાસે રહેલો એક પથ્થર ઉપાડયો અને દાંત તોડવા લાગ્યા.

આચાર્યએ અધવચ્ચે જ તેને રોકતાં કહ્યું જરા રોકાઈ જાઓ કુમારપાળ"

કુમારપાળે પુછ્યું, 'શા માટે ગુરુદેવ?'

આચાર્યએ કહ્યું, 'બસ, તમારું પ્રાયશ્ચિત પુરું થઈ ગયું.'

'કેવી રીતે થઇ ગયું, ગુરુદેવ, મેં તો હજી દાંત તોડયા જ નથી.'

આચાર્યએ કહ્યું, "હા, થઇ ગયું. સાંભળો જે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દાંતથી તમે માંસ ચાવવાની ભાવના કરી હતી, એના પ્રાયશ્ચિત રૂપે તમે એ દાંત તોડવા તૈયાર થઇ ગયા, આથી તમારી આ શુદ્ધ ભાવનાથી જ પ્રાયશ્ચિતનું કામ પૂર્ણ થઇ ગયું."

આમ ગુરુ સમક્ષ નિષ્કપટ ભાવથી આલોચના કરવી અને પોતાના અપરાધોને પ્રગટ કરવા એ સહેલું કામ નથી. કુમારપાળ રાજા સાચી આલોચના અને પ્રાયશ્ચિતથી તત્કાળ શુદ્ધ થઈ ગયા. તેમના હૃદયમાં ખૂંચતો કાંટો નીકળી ગયો.

### પાપ વિનાશિની આલોચના

વાસ્તવમાં આલોચના તો સ્વયં સ્ફૂરિત હોય છે. અને એનો જન્મ વ્યક્તિના મનમાં જ થાય છે પ્રસન્નચંદ્ર રાજર્ષિએ સ્વત: સ્ફૂરિત થઈને પોતાના મનમાં આવેલા દુર્વિચારો અને ખરાબ ચેષ્ટાઓની આલોચના પોતે જ કરીને પશ્ચાતાપની પાવનગંગામા પોતાના બધા પાપોને ધોઈ નાખ્યાં હતા. પરંતુ સમાજની સુવ્યવસ્થા માટે સમસ્ત અપરાધીઓની શુદ્ધિ માટે પ્રેરણા મળે એટલે ગુરુ, સમાજ, અથવા તો સમાજના અગ્રણીઓ કે વડીલો સામે પોતાના દોષોનો ખુલ્લા દિલથી એકરાર કરીને તથા પ્રાયશ્ચિત સ્વીકારીને શુદ્ધ થવાની પદ્ધતિ અપનાવવી વધારે શ્રેયસ્કર છે.

ખ્રિસ્તીધર્મમાં દેવળમાં જઇને ધર્મગુરુ સામે પોતાના પાપોનો સ્વીકાર કરવા (Confess of sin)ની પદ્ધતિ પ્રચલિત છે.

વાસ્તવમાં આલોચનાને યોગ્ય પ્રાયશ્ચિત બધાજ પ્રાયશ્ચિતોનો નિચોડ છે. આથી આલોચનાર્હ પ્રાયશ્ચિત દ્વારા જે જીવનની શુદ્ધિ કરે છે તે પરમપદના ભાગીદાર થશે.


## શ્રી નવસ્મરણાદિ સ્તોત્ર સન્દોહનું પ્રકાશન

શ્રી નવસ્મરણાદિ સ્તોત્ર સન્દોહનું મુનિશ્રી ચરણવિજયજી મહારાજ સાહેબ દ્વારા સંપાદન કરાવી વિ. સં. ૧૯૯૨માં આ સભા તરફથી પ્રકાશન કરવામાં આવ્યું હતું. સુંદર–સુઘડ સ્પષ્ટ દેવનાગરી લિપિમાં પ્રિન્ટ હોવાથી સમગ્ર ભારતમાંથી તેની માંગણી આવતા તેનું પુનર્મુદ્રણ કરીને પ્રગટ કરેલ છે. મજબુત પ્લાસ્ટિક કવર સહીતની આ સુંદર પુસ્તિકા દરેક જૈનના ઘરમાં વસાવવા જેવી છે, કિંમત રૂા. ૭–૦૦ છે. પચાસ કે વધારે પુસ્તિકા ખરીદનારને ૨૦ ટકા કમીશન આપવામાં આવશે.

ધર્મ પ્રભાવના કરવા માટે ઉત્તમ પુસ્તિકા છે.

—: વધુ વિગત માટે લખો :—

શ્રી જૈન આત્માનંદ સભા–ખારગેઈટ, ભાવનગર–૩૬૪૦૦૧




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધન્ય તને પુણિયા

લે. કલાપીબેન નવીનચંદ્ર મહેતા

સોહામણી અને અલબેલી નગરી રાજગૃહી પર્વતોની છાયામાં ને નદીના કિનારે શોભતી એ સુંદર નગરી.

જેવી સુંદર નગરી તેવા સુંદર ત્યાં વસનારા. સતી સુલસા અને મેતરજ ત્યાં વસે. તપ ત્યાગથી શોભતાં અનેક શ્રમણો નિરંતર ત્યાં આવે. એમના મર્મવાણીના પ્રવાહમાં જનગણ હૃદય પ્રક્ષાલાતો રહે. રાજગૃહીમાં એક શ્રાવક વસે. નામે પુણિયો.

શ્રમણ શ્રેષ્ઠ વર્ધમાન સ્વામી પણ તેમના ધર્મ પ્રવચનમાં પુણિયાની પ્રસંશા કરે. નિર્ગ્રંથોના ધર્મ-સુત્રો જેવું જ જીવન પુણિયાએ બનાવી લીધેલું. પુણિયાની શ્રીમંતાઇનો પાર નહી. વૈભવ એના ગૃહાંગણે આળોટે. એકદા મહાવીર (વર્ધમાન) રાજગૃહીમાં અચાનક આવી ચડયા. પુણિયો વંદન કરવા ગયો, ને સવિવેકે પુછ્યું, પ્રભુ! આપે આ નગરી અણધારી પાવન કરી અમે ધન્ય થયા.

ભગવાન મહાવીરે નેહ નીતરતા નયને તેની સામે જોયું. શું પુણિયા આજે તો ચિન્તા થઇ ગઈ.

શાની પ્રભો ?

તારી !

મારી ! પુણિયાના શબ્દોમાં આશ્ચર્ય અવતર્યું.

હા. તારી પાસે અપાર લક્ષ્મી છે, એમાં તું ડૂબી જઇશ તો દુર્ગતિ દૂર નહી હોય ઓહ, એવું કેમ બનવા દેવાય !

ન જ બનવા દેવાય ! પુણિયાએ તત્ક્ષણ હાથ જોડયા, પ્રભો ! જે કાંઇ મારી સંપત્તિ છે. તેમાં રહેવા માટે ઘર, સૂવા સંથારો, જરૂરી સામગ્રી સિવાયની તમામ સંપત્તિનો આજથી ત્યાગ, પ્રભુ ! આસકતી મારામાં પ્રવેશે તે પૂર્વે જ તેનો ત્યાગ કરવો વધુ સારો નહી ! હું આજથી વચનબદ્ધ થાઉં છું.

સમગ્ર રાજગૃહીએ આ જાણ્યું ત્યારે સૌએ પ્રસંશાના ફૂલ વરસાવ્યા. એ પળથી પુણિયાનું જીવન જ પલટાઇ ગયું. જ્યાં સંપત્તિ રમતી હતી ત્યાં સાદગી, જ્યાં વૈભવ રમતો હતો, ત્યાં વિરાગ આવ્યો, જ્યાં ઐશ્વર્ય રમતું હતું. ત્યાં સભ્યતા આવી, જાણે સંસ્કારે ત્યાં નિવાસ કર્યો. રાજગૃહીના આંગણે એક સંસ્કારવંતા જીવનના દર્શન લાધ્યા. પુણિયો રોજના હવે સાડાબાર દોકડા કમાતો. સાદાઇથી રહે. એક દિન ખુદ ઉપવાસી રહે. ને અતિથિ સત્કાર કરે, બીજે દિવસે પત્ની ઉપવાસ કરે. અને અતિથિને આવકારે. અતિથિ વિહોણો દિવસ ન જાય. એ કહે તિથિ જોયા વિના આવે એ અતિથિ, તેને સત્કારી ન શકું તો જીવ્યું વ્યર્થ લાગે.

સમય વીતે છે, વ્રતભર્યા જીવનના તેજ પુણિયાના મુખ પર ચમકે છે. એક દિવસની વાત છે. પુણિયા શ્રાવકને ત્યાં અતિથિ આવ્યા છે, અનોખા એ અતિથિ છે, અનોખી છે એમની વાતો. વિદ્યાસિદ્ધ પુરૂષ છે. એ ચતુર્દશીનો દિવસ છે. પુણિયાને ઉપવાસ છે આંગણે આવેલા અતિથિનો અદ્ભુત સત્કાર કર્યો છે, ભાવથી સાધર્મિક ભક્તિ કરી છે.

આગંતુક મહેમાને ચોપાસ નજર ઘુમાવી, ઘરમાં માટીનું લીંપણ છે, સ્વચ્છતા છે. જરૂરી થાળી-વાટકા છે. બીજુ કંઈ જ નથી. પુણિયાના અને તેની પત્નીના મુખ પર સંતોષના તેજ છે. સિદ્ધ પુરૂષનું મન ધન્યતા વરસાવી રહ્યું "વાહ પુણિયા" તેં કમાલ કરી, દુનિયા ધનથી જીતે છે, તું વ્રતથી જીત્યો. બ્હારથી તારી પાસે કઇ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દેખાતું નથી. પણ હૃદયથી તું કેટલો ભરપૂર છે. આવી સ્થિતિમાં ય જમાડીને જમે છે. ઉપવાસ કરીને સ્વાગત કરે છે.

'વાહ' સિદ્ધપુરૂષનું મન અહોભાવથી છલકતું હતું. એમણે નિશ્ચય કર્યો, મારી પાસે સાધન છે, સિદ્ધિની શકિત છે. તો પુણિયાને ફરી ધનવાન બનાવવો.

સંધ્યા ઢળી પુર્ણિમાની રાત પ્રારંભાઇ.

પુણિયાને ગાઢ નિદ્રા આવી ગઈ ધર્મના શરણે ગયા પછી સંસારની કલુષિતતાનો જાણે સ્પર્શ જ નહોતો રહ્યો.

સિદ્ધ પુરૂષે મધ્યરાતે રસોડામાં જઇને એક સ્વચ્છ તપેલી હાથમાં લીધી, પોતાની ઝોળીમાંથી મણિ કાઢયો, ને તપેલીને સ્પર્શ કરાવ્યો, તપેલી સોનાની બની ગઈ.

પ્રાતઃકાળ થયો, કુકડો બોલ્યો ત્યારે અતિથિ આગળ ચાલ્યા ગયા. ફરી કોઈવાર આવવાનું વચન આપીને પુણિયાએ સવારમાં જોયું, તો તપેલી જે પોતાની હતી તે જ ન મળે તેની જગ્યાએ સાવ સોનાની તપેલી. બારીમાંથી આવતા સહસ્રરશ્મિના કિરણો તેને વધુ ચમકાવતા હતા. પુણિયાને ક્ષણેક વાર આ શું છે તે ન સમજાયું, પણ પછી અતિથિનું આ કાર્ય છે, તેવું સમજાયું, ત્યારે તેણે નિશ્વાસ નાખ્યો, અતિથિએ આ તો અનર્થ સર્જ્યો આ તપેલી તેમણે સોનાની બનાવી આપી પણ મારે નવી આણવી કયાંથી ! અને સુર્વણનું મારે શું કામ છે ! જે હતું તેય પ્રભુના વચને ત્યાગ્યું આ અણહકનું મને ન જોઈએ. પ્રભુ કહેતા હતા અણહકની લક્ષ્મીની કિંમત ધૂળ જેટલીયે નથી.

પુણિયાના હાથમાં રહેલી સોનાની તપેલી ચમકતી હતી. આંખમાં રહેલુ ઝાકળના ટીપા જેવું આંસુ પણ.

પળવારમાં તેણે નિશ્ચય કર્યો એક જીર્ણ વસ્ત્રમાં તપેલી વીંટીને એ દોડયો રાજગૃહીની બહાર એને જલ્દી અતિથિને આંબી જવું હતું આ ધન તેને સોંપી દેવું હતું વનની કેડીએ ચાલતા અતિથિને પુણિયો ઝડપથી આંબી ગયો. સિદ્ધપુરૂષે પુણિયાને પોતાની પછવાડે આવી પહોંચેલો જોઇને આશ્ચર્યથી પૂછયું, તમે ?

પુણિયાની છાતીમાં શ્વાસ સમાતો ન્હોતો, આપ એવું કશુંક કરીને ગયા કે મારે તરત દોડવું પડયું.

એક વૃક્ષની પાસે બેસીને પુણિયાને કહ્યું મારી કંઇ ભૂલ થઈ? " "

"હા".

"હે", સિદ્ધપુરૂષ સ્તબ્ધ થઇ ગયા, પુણિયાએ જીર્ણ વસ્ત્રમાં લપેટેલી અપેલી કાઢીને કહ્યું, આ તમે શું કર્યું ? તમે તપેલી સોનાની બનાવી દીધી, પણ હું તે રાખી લઉં. એટલે મારી જિંદગી શ્યામ જ બની જાય ને ! શ્રમ વિનાનું લેવાય ? આજે જે ભાવનાઓ–અરમાનો મારા ઉરમાં ઉભરાય છે. પછી તે પ્રકટશે ! મહાપુરૂષ મને સુવર્ણ નહી સત્કર્મ જોઇએ. વિદ્યાપુરૂષનાં નેત્રમાં ઝળઝળીયા આવી ગયા.

"આવો અપુર્વ વૈરાગ્ય ભાવ કયાં મળે? જે સંતોષથી તમારૂં જીવન ચમકે છે. અને દમકે છે એ મને પણ પ્રાપ્ત હજો, સુવર્ણનો આ જગતમાં કોને મોહ ન હોય પણ તું નિર્લેપ રહ્યો, ધન્ય તને પુણિયા".

આકાશમાં ઉડતા પંખીઓ, વનનાંવૃક્ષો, સૂર્યના કિરણો પુણિયાની મહાનતાને આવકારી રહ્યા. સુંદર રાજગૃહી એ દિવસે વધુ સુંદર બની.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# હેતુલક્ષી પ્રશ્નો અને ઉત્તરો

# QUIZ

## જૈન તત્ત્વજ્ઞાન ઉપર પ્રશ્નોત્તરી તથા સુવાક્ય

સંપાદિકા :- શ્રીમતી મધુલતા નવીનભાઇ શાહ

રોગ શું છે ? :- વધી ગયેલી મનની ચિંતા

દુઃખ શું છે ? :- વિષયોની ઇચ્છા.

સુખ એટલે ? :- ઇંદ્રિયો ઉપરનો વિજય.

કુગ્રહો કયા ? :- દુષ્ટ આચારો.

સુગ્રહો કયા ? :- વ્રત રૂપી લક્ષ્મી.

વિષ/ઝેર કોને કહેવાય ? :- ક્રોધ, માન માયા અને લોભ

અમૃત કયું ? :- વિવેક.

દીનતા શેમાં છે ? :- ધર્મ વગર રહેવામાં.

વૈભવ શેમાં છે ? :- ધર્મ ભાવનામાં.

મોટું શાથી ? :- સદ્‌ગુણોથી.

લઘુ શાથી ? :- પર નિંદકોથી.

પુણ્યશાળી કોણ ? :- ગુરૂ ભકિત કરે તે.

કયાં રહેવું ગમે ? :- મોક્ષમાં.

છેલ્લી ઇચ્છા શું ? :- મોક્ષ.

સાચું સુખ શેમાં ? :- કર્મોની મુકતાવસ્થામાં,

કોનો અંત નથી ? :- તૃષ્ણા તણો.

કોણ તરી ગયો ? :- જે વિરકત અને અનાસકત છે તે.

કોણ ડૂબી ગયો ? :- જે વિલાસી અને આસકત છે તે.

ભ્રાતા કોણ ? :- જે શુભ કરે તે.

માતા કોણ ? :- સંયમી વૃત્તિ તથા સંયમપૂર્વક ચાલે સંયમપૂર્વક રહે. તથા સંયમપુર્વક બેસે, સંયમપૂર્વક ભોજન કરે, સંયમપૂર્વક બોલે.

ટૂંકમાં :- સયમરૂપી ધર્મ માતાની જેમ રક્ષણ કરે છે.

પિતા કોણ ? :- જે ભવ પાર પમાડે તે.

ગુરૂ કોંણ ? :- મહાવૃતધારી.

દેવ કોણ ? :- વિતરાગ અરિહંત.

યાત્રા કોને કહેવાય ? :- જ્ઞાન, દર્શન, ચારિત્ર તપ, સંયમ વિગેરે યોગની પરિપાલના.

ભાવના એટલે ? :- ફરી ફરીને યાદ કરવું તે

મરણ શું ? :- યશનો નાશ.

વિવેક શું ? :- આત્મ જાગૃતિ.

દુનિયામાં ચંચળ શું છે ? :- મન.

બહેરો કોણ ? :- જે હિત વાકય સાંભળે નહિ તે અને જે મોક્ષ પ્રાપ્તિના વચનો કાન હોય તો પણ ન સાંભળે તે.

પ્રમાદ કોના જેવો છે ? :- સાચા શત્રુ જેવો છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમાધિ એટલે શું ? :- ધર્મમાં જેનું મન હોય તે.

વાસક્ષેપથી લાભ શું ? :- પાપની શુદ્ધિ ધર્મ માર્ગ બળવાન બનાવો અને દેવને ધર્મ તરફ આસ્થા પેદા કરે.

વરસીદાનનું મહત્વ શું છે ? :- પરમાત્માનો ત્યાગધર્મનો વિશ્વને સંદેશો પહોંચાડવાનું તથા મોહનો નશો ઉતારી ત્યાગનો મહિમા સમજાવે.

ભગવાનના ગુણ કીર્તન રૂપી પાંચ સ્તવનો કયા કયા છે ? – શક્રસ્તવ, ચૈત્યસ્તવ, નામસ્તવ, શ્રુતસ્તવ અને સિદ્ધસ્તવ.

નમુત્થુણં : અરિહંત ચેઇયાણં; લોગસ્સ પુખ્ખ સ્વરદ્દી; સિદ્ધાણં બુદ્ધાણં.

પાંચ સકારો કયા કયા ? :- જીવને દુર્લભ એવા પાંચ સકારો સારી સંપત્તિ સદ્દ્રવ્ય, સારા કુળમાં જન્મ, શત્રુંજય દર્શન, સમાધિ, અને સંઘની પ્રાપ્તિ (ચતુર્વિધિ સંઘ)

પાંચ પ્રકારો કયા કયા ? :- પુંડરિક ગીરી, પાત્ર, પ્રથમ પ્રભુ, પંચ પરમેષ્ઠિ અને પર્યુષણ પર્વ.

## સુવાકયો અથવા જૈન તત્વનો નિચોડ/સાર

### જાણવા જેવું

ૐ હ્રીં શ્રી, અર્હં નમઃ :- તેમાં શું અર્થ સમાયેલો છે ? તે પાંચ પરમેષ્ઠિનું સારતત્ત્વ છે. અને સિદ્ધચક્રનું આદી બીજ છે. તે પરમ તત્વ છે. તેને જે જાણે છે તે સંસારના બંધનને છેદીને મોક્ષને પામે છે. તે સર્વ શાસ્ત્રોનું રહસ્ય છે. સર્વે વિઘ્નોનો નાશ કરનાર છે. વળી તે કલ્પવૃક્ષ સમાન છે તેનું એકાગ્ર ચિત્તે વિધિપૂર્વક સ્મરણ કરવાથી સર્વ વાંછીત ફળ પ્રાપ્ત થાય છે.

### સુવાકયો

આત્માની નિંદા કરો. अप्पाणं निन्दामि गरिहामि ।

કામ કરો તો સારા કરો.

જીવન તો જાત્રા તિર્થ છે તેના પ્રત્યેક પગથીયે સત્કર્મના કરો.

જિંદગી એક મંદિર છે તેને શણગારો. માનવ જીવન પણ એક મંદિર/દેવાલય છે. આપણે એ મંદિર શણગારવાનું છે. મંદિરમાં કચરો ન ભરાય. વાસનાનો કચરો ને કામનાઓનો કાટમાળ આ જીવનમંદિરમાં ન જ ઠલવાય.

મંદિરના શણગાર છે—કીર્તન, પૂજન, અર્ચન, સત્ય, શીલ, સંયમ અને સામ્યતાના શણગારથીઆ દેવળને શણગારો.

જીવન જીવવા માટે છે. આ જીવન ખાવા માટે નહિ, જીવન માટે ખાનપાન છે. ખાનપાન માટે જીવન નથી. આપણું જીવન ખોવાઇ ગયેલા આપણા આત્માને ખોળી લેવા માટે છે. વળી આ જીવન, ઢસરડો કરીને પૂરૂ કરવા માટે નથી, તે તો જિંદાદીલથી જીવવા માટે છે. તેમજ આ જીવન ઊંઘવા માટે નહિ, પણ ઊંઘી ગયેલા આત્માને જગાડવા માટે છે. તદુપરાંત સુખદુઃખના સરવાળા માટે જિંદગી નથી. જિંદગી તો અંધારામાં અજવાળા કરવા માટે છે તથી મનને શુભ પ્રવૃતિમાં જોડો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ખાલી મન તો ભૂતનું ઘર બની જાય છે,

"ન રાખ આશ કદી કોઇ પાસ, પછી તને કોણુ કરી શકે નિરાશ." માટે માગવાનું છોડો. તમને સુખ આપોઆપ મળી જશે.

જાતને ભૂલીને જગતની જંજાળમાંજ જો અટ વાઈ જશું તો જીવન આખું કડવું ઝેર બની જશે.

મનની વાત મનમાંજ રાખો, તે જાહેર ન કરો. બોલો તો મીઠું મધ ઝરતુંજ બોલો.

મૌન એટલે આપણા દિવ્ય વિચારોનું પવિત્ર મંદિર.

વાણી આંધી છે તો મૌન સોનું છે. કોઈ ક્રોધ કરે તો આપણે પાણી બની જવું.

આપણી આંખે જોવું ભલે અને કાનથી સાંભળવું, પણ ખરૂં; પરંતુ મોઢેથી બોલવાનું નહિ.

જેટલું દુનિયામાં જોઇએ, સાંભળીએ તેટલું કહેવાનું નહિ.

દુનિયા તો કાંટાની વાડ છે, જોઈ જોઈ ને પગ મૂકો.

બહુજ વિચારીને જગતમાં જીવો. મીઠું, આથો અને ઉતાવળ ઓછા સારાં.

આગ્રહી ના બનો, બીજા માટે કાંઇક કરી છૂટો.

એક સમયે એકજ કામ કરો, અતડા ન રહો.

તમારી જાત સુધારશો તો જગત આખું સુધરી જશે.

જીવન તો વહ્યા કરે. જળની જેમ પણ આપણે રહીએ કમળની જેમ.

તરવરતું તન અને મધ ઝરતાં વચન ઝળકાવશે.

પ્રેમ માગવાની ચીજ નથી પણ અનરાધાર આપવાની અમીરાત છે.

સૌથી લાંબી યાત્રા અંતર્યાત્રા છે.

દાન, જ્ઞાન અને તપનો રોજ અભ્યાસ કરવો- તે આવતા ભવમાં પ્રાપ્ત થાય છે. કેમકે અધૂરી આરાધના કરતાં કરતાં જે માણસ મરણ પામે તે બીજા ભવમાં પોતાની અધૂરી આરાધના પૂર્વના અભ્યાસથી ચાલુ કરી શકે છે.

રસનેન્દ્રીય, મોહનીયકર્મ, બ્રહ્મચર્યવ્રત અને મનગુપ્તિ જીતવા ઘણા દુર્લભ છે.

પાંચ ઈંદ્રિયો અને મનને પાપથી અટકાવી સારે માર્ગે વાળવાથી સંસારનું ઝેર ઉતરી જાય છે


ચૌદ ગુણઠાણામાંથી, ત્રણ ગુણઠાણા જીવની સાથે પરભવ જાય છે. જેવા કે (૧) મિથ્યાત્વ (૨) સાસ્વાદક (૬) અવિરતિ સમ્યગ્દૃષ્ટિ

ઉપસંહાર :-

છેલ્લે...

હે વિતરાગ, આપના પાદપીઠમાં મસ્તક નમાવતા, પૂણ્યના પરમાણુ જેવી આપની પાદરજ મારા લલાટ ઉપર ચિરકાળ રહો. સીમંધરસ્વામિ, મને આપને દેશ લઈ જજો, ક્ષાયિક સમક્તિ આપજો. અંત સમયે મારી ભાવના શુદ્ધ રહે. મહાવિદેહ ક્ષેત્રમાં વાસ હજો. સિદ્ધક્ષેત્રમાં વાસ રહેજો.

અસ્તુઃ





For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાચાર

## 'શ્રી આત્માનંદ પ્રકાશ'ના સહતંત્રી પ્રા. પ્રફુલ્લાબેન વોરાના ગઝલ-સંગ્રહ "શ્વાસનો પર્યાય" નું વિમોચન

પ્રા. પ્રફુલ્લાબેન આર. વોરા રચિત ગઝલ-સંગ્રહ "શ્વાસનો પર્યાય" નું વિમોચન તારીખ ૨૧/૪/૯૦ ના રોજ ગુજરાતના ખ્યાતનામ ગઝલકાર ડો. ચિનુભાઇ મોદીએ કર્યું હતું. સમારોહના પ્રમુખ સ્થાને જાણીતા પત્રકાર અને કવયત્રિ ડો. અંજના સંધિર તેમજ અતિથિ વિશેષ તરીકે વિદ્વાન વકતા અને કેળવણીકાર શ્રી જયેન્દ્રભાઈ ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ પ્રફુલ્લાબેનની રચનાઓને અને સર્જક પ્રતિભાને બિરદાવી હતી. આ સમયે ગાંધી મહિલા કોલેજના વિશાળ સભાખંડમાં શિક્ષણશાસ્ત્રીઓ, કવિઓ અને ભાવકોની હાજરી ખૂબ નોંધપાત્ર રહી હતી. આ પુસ્તક માટે પ્રફુલ્લાબહેનને ગુજરાત રાજ્ય સાહિત્ય અકાદમીનો રૂા. ૫૦૦૦/-નો પુરસ્કાર પ્રાપ્ત થયેલ છે.

પ્રફુલ્લાબહેન ભાવનગરના જ વતની રસીકલાલ ભુદરભાઈ વોરાની પુત્રી છે. તેમને કુટુંબીજનોની નિખાલસતા, કર્તવ્યનિષ્ઠા અને સહકારની સાથે સંઘર્ષની હૂંફનો સધિયારો મળ્યો છે. સાહિત્ય, શિક્ષણ, કલા અને સાથે જ ધર્મમાં પણ તેઓ ઊંડો રસ ધરાવે છે. તેઓ હાલ ભાવનગરની બી. એડ. કોલેજમાં વ્યાખ્યાતા છે. અંગ્રેજી વિષય સાથે બી. એ. અને એમ. એ. હોવા ઉપરાંત બી. એડ. અને એમ. એડ. માં યુનિ. પ્રથમ સ્થાન મેળવ્યું છે. હાલમાં પીએચ. ડી. કરી રહ્યા છે. ૧૯૮૩માં ખંભાત મુકામે ગુજરાત રાજ્ય કક્ષાએ યુવક મહોત્સવમાં ગઝલ લેખનમાં પણ પ્રથમ સ્થાન મેળવી રૌપ્ય ચંદ્રક તથા રોકડ પુરસ્કાર પ્રાપ્ત કરેલ. શ્રી આત્માનંદ સભા યોજિત "જૈન કથા લેખન સ્પર્ધામાં" પણ તેમણે પ્રથમ સ્થાન મેળવ્યું હતું. તેઓ રૂપાણી પાઠશાળામાં શિક્ષિકા તરીકે કાર્ય કરે છે.

પ્રફુલ્લાબહેન સાહિત્ય, શિક્ષણ અને ધર્મમાં ઉત્તરોત્તર પ્રગતિ સાધે તેવી હાર્દિક શુભકામના.

## શ્રી રૂપાણી દેરાસરજીમાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની વર્ષગાંઠ નિમિત્તે યોજાયેલ રંગદર્શી મહોત્સવ

જેઠ સુદ ૪ તા. ૨૭/૫/૯૦ ને રવિવારે ભાવનગરના રૂપાણી દેરાસરજીમાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની વર્ષગાંઠની ભાવભરી ઉજવણી થઇ હતી, સવારના ૬ વાગે બહેનોના પ્રભાતિયાથી ગભારો ગૂંજી રહ્યો હતો. ૭-૩૦વાગે શ્રી શાંતિનાથ મિત્રમંડળના ભાઈઓએ ઢોલક, મંજીરા,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ખંજરી અને હારમોનિયમના સૂરની સંગત સાથે ભાવભરી શૈલીમાં સ્નાત્ર ભણાવ્યું હતું. સવારે ૯-૦૦ વાગે શ્રી અજિત મંડળની બહેનોએ સુમધુર કંઠે દાદાના દરબારમાં પૂજા ભણાવી હતી. સવારે ૧૦-૩૬ મિનિટે દેરાસરજીના શિખરની ધજા મંગળ મુહુર્તે બદલાવી ત્યારે આ શુભ અવસરને નિહાળવા આકાશ પણ જાણે બે ઘડી થંભી ગયું હતું. જયનાદ અને ઘંટારવની વચ્ચે જૈન શાસનની ધજા મંદ પવનની લહેરમાં ફરકતી હતી. સમગ્ર વાતાવરણ મંગલમય બની રહ્યું હતું.

સર્વશ્રી નગીનદાસ મેઘજીભાઈ કપાસી, શ્રી ખાંતિલાલ રતિલાલ શાહ, શ્રી મનુભાઇ નગીનદાસ કપાસી શ્રીમતિ વીમળાબેન હેમચંદ શાહ અને સોસાયટીના સહકારથી બપોરે ૧૨-૦૦ કલાકે સંઘપતિઓના બહુમાન સાથે શ્રી બકુભાઇ શેઠના ઘેર સ્વામિવાત્સલ્યની ભકિત રાખવામાં આવી હતી જેમાં અજિત મંડળની બહેનોએ શ્રી મધુબહેનના માર્ગદર્શન નીચે પીરસવાની જવાબદારી સુંદર રીતે બજાવી હતી. કુદરત ખુશ થઈ અને આકાશમાંથી અમી-છાંટણાં પણ થયા.

રાત્રે ૭-૩૦ થી ૯-૩૦ રૂપાણી પાઠશાળાના બાળકોએ રાસ-ગરબા, નૃત્ય, નાટક અભિનય, વગેરે રંગદર્શી કાર્યક્રમ રજુ કર્યો હતો. શાલિભદ્ર અને ઇલાચીકુમારના નાટકો વિશેષ નોંધપાત્ર બન્યા હતા. રાજા-રાણી-શાલિભદ્ર અને ઇલાચીકુમારના પાત્રો રાજકીય પોષાકથી શોભતા હતા. આ કાર્યક્રમ શેઠ શ્રી બકુભાઈ અને શ્રી ડી. જે મહેતાની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ કાર્યક્રમમાં જૈન સમાજના સંનિષ્ઠ કાર્યકરો શ્રી નવિનભાઈ કામદાર અને શ્રી સંજયભાઇ ઠાર ખાસ હાજર રહ્યા હતા તેઓએ બાળકોને પ્રોત્સાહન પણ આપ્યું હતું. શ્રી બકુભાઇએ, શ્રી ડી જે. મહેતા સાહેબે, નવિનભાઈએ અને સંજયભાઈએ પાઠશાળાની પ્રવૃત્તિને બિરદાવી ભવિષ્યની શુભેચ્છા પાઠવી હતી. આ કાર્યક્રમ સુંદર રીતે કરાવવા બદલ પાઠશાળાના શિક્ષિકા કુ પ્રફુલ્લાબહેન રસિકલાલ વોરાનું શેઠશ્રી બકુભાઈએ સનમાન પણ કરેલ. કાર્યક્રમની સફળતા માટે પાઠશાળાના બાળકોએ સારી એવી પૂર્વ તૈયારી કરી હતી. મિત્રમંડળના ભાઈઓએ ભાવભરી ભાવના ભાવી હતી.

સમગ્ર મહોત્સવની સફળતા માટે શ્રી શાંતિનાથ મિત્ર મંડળ, અજિત મંડળ અને અન્ય સક્રિય કાર્યકરોએ સારી જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમની વિશેષ સફળતા શ્રી રશ્મિકાંતભાઇ હરસોરા જે જૈન ન હોવા છતાં પોતાની કાયમી સેવા અને હારમોનિયમની સંગત આપીને બજાવે છે તેમને આભારી હતી. દર રવિવારે દેરાસરજીમાં સ્નાત્ર ભણાવાય છે. તેમાં પણ તેઓ સુમધુર ગીતો રચી, ગાઇ અને સૂરની સંગત આપે છે આ પ્રસંગે તેમનું ખાસ સન્માન કરવામાં આવ્યું હતું.

# શ્રી ચન્દનબાળા કન્યા શિક્ષણ શિબિર ( ક્રમાંક ૩૪ )

શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય સ્વ. પ. પુ. વિજયધર્મસૂરીશ્વરજી મ. સા. ( કાશીવાળા )ના પ્રશિષ્ય આગમીય ગ્રંથોના વિવેચક (ન્યાય-વ્યાકરણ-કાવ્ય-તીર્થ) પ. પૂ. પંન્યાસશ્રી પૂર્ણાનન્દવિજયજી મ. સા. (કુમારશ્રમણ) તથા પ પૂ. પ્રશાન્તમૂર્તિ જૈનાચાર્ય વિજયપ્રેમસૂરીશ્વરજી મ. સા ની આજ્ઞાવર્તિની તથા આ શિબિરની પ્રણેત્રી પૂ. સાધ્વી સૂર્યપ્રભાશ્રીજી તથા તેમના વિદુષી વાચનાદાત્રી શિષ્યા પૂ. સાધ્વી દિવ્યપ્રભાશ્રીજી મ. સા. (જૈન દર્શનાચાર્યા) આદિની નિશ્રામાં શ્રી ઘેલાભાઈ કરમચંદ જૈન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સેનેટોરિયમ ટ્રસ્ટ (વિલેપાર્લા વેસ્ટ) દ્વારા શ્રી ચન્દનબાળા કન્યા શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૧મે થી ૧૧મે સુધી આ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. વિરારથી લઇને મુંબઇ સુધીના પરાઓની લગભગ ૨૫૦ જેટલી બહેનો દરરોજ બપોરના ૧૨ થી ૪ સુધીમાં આવતી હતી. આ શિબિરમાં બી એ., એલ એલ બી., ૧, બી.એ. ૩૧, બી.કોમ. ૩૫, બી.એસ.સી. ૬, એમ.એ. ૨, કોલેજીયન, એસ.એસ.સી. તથા નીચેની કક્ષાની બહેનો તેમજ વૈષ્ણવ. પટેલ તથા ઇંગ્લીશ મિડીયમમાં ભણતી બહેનોએ પણ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. શિબિર પૂર્ણ થયા બાદ બહેનોની સાધર્મિક ભક્તિ કરવામાં આવતી હતી.

તા. ૯ મેના સવારે ૯ વાગે બેન્ડસહિત સમૂહ ચૈત્યપરિપાટીનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ૪૦૦ જેટલી બહેનો જોડાઈ હતી. શ્રી ચંદ્રપ્રભુ દેરાસર તથા શ્રી ચિંતામણી પાર્શ્વનાથ દેરાસરે (પાર્લા ઇસ્ટમાં) દર્શન કરીને આવ્યા બાદ શિબિર સ્થળે બહેનોની સાધર્મિક ભક્તિ કરવામાં આવી હતી. તેમજ ચંદનબાળા કન્યા શિક્ષણ શિબિર ટ્રસ્ટ તરફથી રૂા. ૫ તથા શ્રી હંસાબેન મનહરલાલ તરફથી રૂા. ૧ની દરેકને પ્રભાવના કરવામાં આવી તા. ૧૧ મેના બપોરે પરીક્ષા લેવામાં આવી હતી. તેમાં ભાગ લેનાર બહેનોને તા. ૧૯ મેના શ્રી ચંદનબાળા કન્યા શિક્ષણ શિબિર ટ્રસ્ટના ટ્રસ્ટી સ્વ. શ્રી બાબુભાઈ આર. ભણસાળીના ધર્મપત્ની પ્રભાવતીબેન તરફથી તથા શ્રી ઘેલાભાઈ કરમચંદ જૈન સેનેટોરિયમ ટ્રસ્ટ દ્વારા ઇનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

શિબિરના ઉદ્ઘાટન પ્રસંગે શ્રી શાંતિભાઈ બી. શાહના પ્રમુખપદ હેઠે શ્રી સુમેરમલજી એસ. સાલરેચાના વરદ્હસ્તે જ્ઞાનદીપક પ્રગટાવવામાં આવ્યો હતો. ઈનામી મેળાવડો શ્રી રમણભાઇ ડી. શાહના પ્રમુખપદ હેઠળ યોજાયો હતો. બંને પ્રસંગ પર પધારેલ અતિથિ વિશેષ તથા આમંત્રિતોએ પ્રસંગને અનુરૂપ વક્તવ્યો કર્યા હતા.

પુ. ગુરૂભગવંતે આ યુગમાં શિબિરોની આવશ્યકતા સમજાવી મંગલ આશીર્વાદાત્મક પ્રવચન કર્યું હતું. ઇનામી વિતરણ પ્રસંગે શિબિરના વિષયોને લગતું ગીત તથા આજના મોંઘવારીના યુગમાં રીબાતી આપની સાધર્મિક બહેનોની કરૂણદશા બતાવતી હૃદયસ્પર્શી નાટિકા "શ્રીમંતોની શેઠાઈ ગરીબોની ગરીબાઇ" શિબિરાર્થિની બહેનોએ રજુ કરી હતી તેમને બંને ટ્રસ્ટ તરફથી તથા શ્રી શાંતિભાઇ તથા રમણભાઈ તરફથી યોગ્ય બક્ષીસ આપવામાં આવી હતી.

શ્રી ઘેલાભાઇ કરમચંદ જૈન સેનેટોરિયમ ટ્રસ્ટના ઉત્સાહી તથા શિક્ષણપ્રેમી મેનેજિંગ ટ્રસ્ટી શ્રી રાજેન્દ્રભાઈ જી. શાહ તથા સ્પષ્ટ તથા સુંદરવકતા તેમજ કુશળ કાર્યકર શ્રી દિનેશભાઇ સંઘવીએ તન મન ધનનો સુંદર સાથ અને સહકાર આપી સંઘમાં શિબિરનું જે સુંદર તથા સફળ આયોજન કર્યું તે ખુબજ પ્રશંસનીય તથા અનુમોદનીય છે.

આ શિબિરનો મુખ્ય ઉદ્દેશ છે આજના ભૌતિકવાદના યુગમાં આજની યુવાપેઢીને જૈન ધર્મનું મૌલિક તાત્વિક તેમજ તાર્કિક શિક્ષણ આપી તેમને દેવ ગુરૂ ધર્મ પ્રત્યે અતુટ શ્રદ્ધા ઊત્પન્ન કરાવી પાપથી પાછા વાળવા તેમજ સત્ય શીયલ, સદાચારના સંસ્કારો આપી તેમનું આધ્યાત્મિક તથા નૈતિક રીતે જીવન ઘડતર કરી જીવન જીવવાની કળા શિખવવી અત્યાર સુધીમાં ૧૫૫૦૦ થી વધુ બહેનોએ ભાગ લઇ પોતાનું જીવન ધર્મમય તથા સદાચારમય બનાવ્યું છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ શિબિરના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી ધીરજલાલ એમ. શાહ તથા ટ્રસ્ટી શ્રી રમણિકભાઇ એલ. ભણસાળી શ્રી ચીનુભાઈ એચ. શાહ શ્રી રસીકભાઇ એ. મણિયાર શ્રી અંબાલાલ સી. શાહ શ્રીકતી તારાબેન ડી. શાહ શ્રીમતી કાંતાબેન આર. ભણસાળી, શ્રીમતી સરલાબેન સી. શાહ તથા શ્રી પ્રભાબેન બી ભણસાળી છે જેઓ આ પ્રવૃત્તિના વિકાસ માટે સતત અને સભાન રહી આને વધુ વેગવંતી બનાવવા માટે સતત પ્રયત્નશીલ રહે છે.

**નોંધ :—** પ. પૂ. પં. પૂર્ણાનંદવિજયજી મ૦ સા૦ (કુમાર શ્રમણ) તથા પૂ૦ સાધ્વી સૂર્યપ્રભાશ્રીજી, પૂ૦ સા૦ દિવ્યપ્રભાશ્રીજી આદિનું ચાતુર્માસ દેવચંદનગર ભાયંદર વેસ્ટમાં છે.

**સરનામું :—** શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન દેરાસરની પેઢી, બાવન જિનાલય દેવચંદનગર રોડ, ભાયંદર વેસ્ટ, જિલ્લો થાણા પીન નં. ૪૦૧૧૦૧.

## અભ્યાસ અંગે લોન સહાય

શ્રી શ્વેતાંબર મૂર્તિપુજક જૈન વિદ્યાર્થીઓ/વિદ્યાર્થિનીઓને એન્જિનિયરીંગ, આર્કિટેકચર, દાક્તરી, ચાટર્ડ એકાઉન્ટન્સી, તથા કોસ્ટ એકાઉન્ટન્સી, બિઝનેશ મેનેજમેન્ટ, લલિતકળા, જૈન ધર્મના ઉચ્ચ અભ્યાસ માટે ધો. ૧૨ ની પરીક્ષા પસાર કર્યા પછી ડિપ્લોમાના અભ્યાસ માટે એસ. એસ. સી. પરીક્ષા પસાર કર્યા પછી ટ્રસ્ટના નિયમાનુસાર લોનરૂપે આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી જન્મશતાબ્દિ શિક્ષણ ટ્રસ્ટ તરફથી લોન સહાય આપવામાં આવે છે. તે માટેનું નિયત અરજી પત્રક રૂા ૨-૬૦ મ. ઓ. દ્વારા અથવા ટપાલ ટિકીટો મોકલવાથી નીચેના સરનામે મળશે. અરજી પત્રક સ્વીકારવાની છેલ્લી તારીખ ૩૦ જુલાઇ છે.

આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી
જન્મ શતાબ્દિ શિક્ષણ ટ્રસ્ટ,
C/o શ્રી મહાવીર જૈન વિદ્યાલય
ઓગસ્ટ ક્રાંતિ માર્ગ મુંબઇ-૪૦૦૦૦૩૬

## રાગ–દ્વેષરૂપી ઘંટી

આજે શહેરોમાં ઓછી પણ ગામડામાં ઘણીવાર નજરે પડતી અનાજ દળવાની ઘંટીની પ્રક્રિયા જેણે જોઇ હશે તેને બરોબર ખ્યાલ આવી જાય છે કે અનાજના જે દાણા ઘંટીના બે પડ વચ્ચે જાય છે તેનો તો બારીક લોટ જ થઇ જાય છે. પરંતુ ઉપરના પડના મધ્યભાગે ખીલીને અટીને રહેલા દાણા સલામત–અખંડ જ રહે છે. એનો લોટ થતો નથી. બરોબર એ જ પ્રક્રિયા રાગ–દ્વેષરૂપી ઘંટી અને આત્મા વચ્ચે થાય છે. અર્થાત્ રાગ–દ્વેષમાં પડેલ જીવ પીસાઈ જાય છે. પણ એનાથી અલગ રહેનાર સહીસલામત બચી જાય છે અને સુખ-શાંતિનો અનુભવ કરે છે.

સંકલન :- પ્રફુલ્લાબહેન વોરા
( 'તત્ત્વજ્ઞાન પ્રવેશિકા'માંથી સાભાર )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# હિત-મિત તથ્યવાણી

પૂ. પં. શ્રી ભદ્રકરવિજયજી મહારાજ સાહેબ

વાણી એ વિચારને પ્રગટ કરવાનું સાધન છે,

'વાગ્-લબ્ધિ' દ્વારા આત્મા શ્રાપ, આશીર્વાદ આપવાની શકિત ધરાવે છે.

મિતવાણી સમ્યક્ ચિંતનમાં હેતુ બને છે. માટે ચિંતન ઠીક થઇ શકે તે ખાતર વાણી પરિમિત બોલવી જોઇએ. હિતકારી પણ વાણી મિત ભાષામાં સત્ય સાપેક્ષપણે બોલવી જોઈએ.

મનમાં ઉઠે તે પણ વાણી છે. તે ગૂઢ વાણી છે. તેને પરાવાક કહેવાય છે. તે વડે પણ ગુણ ગ્રહણ અને હિંત ચિંતન થવું જોઈએ.

અનિંદા અને ગુણગ્રહણ તે હિતવાણીનું લક્ષણ છે.

હિતવચન ઓપરેશનની જેમ ઉભય માન્ય હોવું જોઈએ અર્થાત શ્રોતા-વકતા ઉભયને માન્ય હોવું જોઇએ.

વાગ્ લબ્ધિ માટે સત્ય, સમ્યક્. ચિંતન માટે મિત, પથ્યવચન બોલવું.

નિંદા પીઠ પાછળ થાય છે, હિત બુદ્ધિથી સનમુખ દોષ પ્રકાશન તે હિંત ચિંતનાત્મક વાણી છે.

સદ્ વસ્તુનું મનન તે મૌન છે.

'मन्यते यो जगत् तत्वं '

न केवलं वाग निरोधनं मौन मित्यर्थः ॥

અર્થાત્ કેવળ વાણી-નિરોધ એજ મૌન નથી. મનન પુર્વક કરેલા મૌનથી વાણીની શકિત વધે છે.

પાણીની શકિતની જેમ વાણીની શકિત પણ સર્વ માન્ય છે. દોષ દેહના છે. તેથી નશ્વર છે અને ગુણ આત્માના છે. તેથી અમર છે. દોષ દેહની સાથે ભસ્મીભૂત થાય છે. સત્ય, પ્રેમ, નિર્ભયતા વગેરે સદ્ગુણ આત્માના ધર્મ છે. તેના મનન પુર્વકનું ભાષણ સબળ અસર કરે છે.

કોઇના પણ દોષ ગાવાથી જીવન પવિત્ર નથી થતું, પણ દુષિત થાય છે. તે વાણીનો બગાડ છે. દુરૂપયોગ છે,

પાણીની જયણાની જેમ વાણીની જયણા ભાષા સમિતિના પાલન વડે કરવી જોઇએ.

નિબંધ જળની જેમ વિવેક વગરની વાણી પણ વિનાશક નિવડે છે.

વાણી આંતર છે, શબ્દ બાહ્ય છે. તે વડે વાણી વ્યક્ત થાય છે.

આંતર વાણીથી આંતરભાવ ઉઠે છે. તેની વિશ્વ પર મોટી અસર થાય છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આગામી જનગણનાના ૧૦ માં ખાનામાં જૈનો 'જૈન' લખાવે તે માટે જૈન કોન્ફરન્સની અપીલ

ભારતમાં વસતી કેટલી છે. તેની ગણતરી દર દસ વર્ષ પછી કરવામાં આવે છે. અને ૧૯૯૧ ના વર્ષમાં દેશમાં રહેલ વસતીના આંકડા આપવા સાથે જુદા જુદા ધર્મની કેટલી વસતી છે તેના આંકડાઓ જાહેર કરવામાં આવનાર છે. અને તે માટે ૧ લી એપીલ ૧૯૯૦ થી દેશભરમાં જનગણનાનું કામ ચાલુ કરી દેવામાં આવેલ છે.

લઘુમતી સંખ્યામાં રહેલા જૈન સમાજની વસતિના સાંચા આંકડા પ્રાપ્ત કરવાનું માધ્યમ જનગણના છે. આપણા એક સર્વેક્ષણ મુજબ જૈનોની સંખ્યા એક કરોડ જેટલી છે. સને ૧૯૮૧ની વસતી ગણતરી વખતે અખિલ ભારતીય જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ અને બીજી સંસ્થાઓની ઝુંબેશ અને પ્રચાર પ્રવૃત્તિ વ્યવસ્થીત કરવા છતાં ૩૦ લાખ અને ૧૯ હજારની જૈનોની વસ્તી નોંધાઇ છે. તેમ ઓલ ઇન્ડિયા જૈન શ્વેતામ્બર કોન્ફરન્સની સભામાં પ્રમુખ સ્થાનેથી બેરીસ્ટર શ્રી દીપચંદ એસ. ગાર્ડીએ જણાવ્યું હતું.

વધુમાં મંત્રી **શ્રી** જયંતભાઇ એમ. શાહે જણાવેલ કે, આપણી વસતી ઓછી નોંધાવાનું મુખ્ય કારણ એ છે કે, વસતી પત્રકના ફોર્મમાં રહેલ ધર્મના ૧૦માં ખાનામાં શ્વેતામ્બર, દિગમ્બર, ઓસવાલ, પોરવાલ, વિ. સંપ્રદાયોના નામ અગર શાહ, સંઘવી, મહેતા જેવી અટકો લખાવતા હોવાનું પણ જાણવા મળે છે. તેમજ વસતી પત્રકની નોંધણી કરનાર કર્મચારીઓ બીન કાળજી તથા ઉતાવળને કારણે પોતાની મરજી મુજબ પુછયા વિના ધર્મના ખાનામાં "હિંદુ" લખી લે છે, એટલું જ નહિ પણ ધર્મના ખાનામાં "જૈન" લખાવિએ ત્યારે તેઓ "જૈન" એ હિંદુ ધર્મની શાખા છે. એમ કહી "જૈન" લખવાને બદલે "હિંદુ" જ લખી નાખે છે.

ઓલ ઇન્ડિયા જૈન શ્વેતામ્બર કોન્ફરન્સનું ૨૫ મું અધિવેશન દિલ્હી ખાતે મળેલ તેમાં "વસતી ગણતરી અને જૈન" નો ઠરાવ કરી વસતી પત્રકનાં ફોર્મમાં ધર્મના ખાનામાં સૌ કોઇ જૈન લખાવી જાતે તપાસી પછી જ કર્મચારીઓને પોતાની બીજી વિગતો લખાવે તેમ નક્કી કરેલ છે. તે મુજબ સને ૧૯૯૧માં સરકારી વસતી ગણતરીમાં આપણે સૌ સજાગ બની જૈનોની સાચી સંખ્યા પ્રાપ્ત કરવા જાગૃત બનીએ તેમ સંસ્થાના ઉપપ્રમુખ **શ્રી** કિશોરભાઈ વર્ધને ઠરાવ રજુ કરતાં જણાવેલ હતું.

વધુમાં અખિલ ભારતીય જૈન સંસ્થાઓ, કાર્યકરો, જૈન પત્રકારો વિગેરે આ બાબતનું મહત્વ સમજી ચાલુ થયેલ વસતી ગણતરી સમયમાં ધર્મના ૧૦ માં ખાનામાં "જૈન" જ લખાવવા માટે પ્રચાર કાર્ય ઉપાડી લેવા ઉપપ્રમુખ **શ્રી** વસનજી લખમણશી શાહે અનુરોધ કર્યો હતો.

---

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ, આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only